Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# વિમુદ્રીકરણઅને માલ અને સેવાકરની અસરો.

પ્રો.સોલંકી મુકેશસિંહ તખતસિંહ *

8 મી નવેમ્બર 2016 અને 1 જુલાઇ 2017 આ બંન્ને દિવસો ભારતીય અર્થતંત્ર માટે મહત્વના ગણી શકાય. 8મી નવેમ્બર 2016ની સાંજે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી એ 500 અને 1000 ની મોટી રકમની નોટોના વિમુદ્રીકરણ ની જાહેરાત કરી સમગ્ર ભારતીય નાગરિકોને ચોકાવી દીધા. મોટી નોટોના સ્વરૂપમાં વધુ કાળું નાંણુ ધરાવતા લોકોને તો તાત્કાલિક શું નિર્ણય લેવો તેની ગતાગમજ ન પડી. સમાજના બધાજ વર્ગો પોત પોતાની રીતે મુઝાંવા લાગ્યા. વધુ માત્રામાં આ પ્રકારની નોટોને સંગ્રહીને બેઠેલાઓએ આડાઅવળા નુસખા વિચારવા લાગ્યા. લાખો રૂપિયા સંઘરીને બેઠેલાઓએ સોનીઓ પાસે ગમે તે કિમંતે સોનાની ખરીદી કરવા લાગ્યા.

કાયદાકીય પ્રકિયાથી કોઇ પણ ચલણને અમાન્ય જાહેર કરવામાં આવે તો તેને વિમુદ્રીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં ભષ્ટાચાર ખૂબવધી જાય અને પ્રજા ચલણી નાણાંને બેંકથી દૂર રાખી કાળું નાણું ભેગા કરવા લાગે ત્યારે આવી મોટી રકમના ચલણોની નોટોને રદ કરવાનું આવશ્યક બની જતું હોય છે. આ પ્રકિયામાં જૂની ચલણી નોટોને રદ કરી તેના સ્થાને નવી ચલણી નોટોને બેંકના માધ્યમથી અર્થતંત્રમાં મુકવામાંઆવે છે.

નોટબંધીની જાહેરાતના બીજા જ દિવસથી બેંકોના એટીએમ દરેક પ્રજાજનો માટે સૌથી મહત્વના સરનામા બની ગયા હતા. સરકાર પણ સામાન્ય અને નિર્દોષ પ્રજાજનોને રાહત આપવા તો ક્યારેક મોટી રકમમાં કાળું નાણું ધરાવતા લોકોને ભીંસમાં લેવા માટે નવાનવા નિયમો બનાવતી હતી. એટીએમ માંથી ઉપાડાતી રકમની મર્યાદામાં વધારો કે ઘટાડો, તો જુની ચલણી નોટો જમા કરાવતા લોકો માટે વધુ કડક નિયમો બનાવ્યા. નોટબંધીના સમયગાળા દરમ્યાન જેમણે પોતાના આંગણે લગ્નપ્રસંગો રાખ્યા હતા તે

વાલીઓની સૌથી કફોડી પરિસ્થિતિ સર્જાઇ. સગા-સ્નેહીઓ પાસેથી લીધેલ રકમના આધારે પ્રસંગ ને ઊકેલવાનો પ્રયત્ન કરતા જોવા મળ્યા હતા.

---

*પ્રો.સોલંકી મુકેશસિંહ તખતસિંહ , સર,કે.પી.કૉલેજ ઑફ કોમર્સ., સુરત

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

બેંકના સ્ટાફ માટે આ સમય વધારે કઠિન રહ્યો હતો. જાહેર રજા તથા રવિવારના દિવસે પણ નાણાકીય વ્યવહારો ચાલુ રાખવાનો નિર્ણય કરયા હતો. સતત કામ કરતા રહેવું પડયું જેનાથી સ્ટાફને કાર્ય બોજ વધતા તનાવમાંક રહેવું પડયું જેનાથી એમની તંદુરસ્તીના પ્રશ્નો ઊભા થયા હતા. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર પ્રવૃતિ દ્વારા અંગત લાભ મેળવવાનું વલણ પણ કર્મચારીઓએ દાખવ્યું. સરકારના નિર્ણયને નિષ્ફળ અને દેશની અર્થવ્યવસ્થા માટે નુકશાનકારક સાબિત કરવા તમામ વિરોધપક્ષો પોતપોતાના વિરોધો ભૂલીએક થયા. રેલીઓ અને દેખાવો જેવા પ્રયત્નો દ્વારા સરકારના આ નિર્ણય સામે રોષ પ્રગટ થવા લાગ્યો. દેશમાં અનેકતામાં એકતાનો ભાવ સંપૂર્ણપણેસાર્થક થતો દેખાયો. નોટબંધી બાદ દેશમાં **370** જિલ્લા સહકારી બેંકોમાં **10** નવેમ્બર થી **31** ડિસેમ્બર **2016** સુધીમાં રૂ**. 22,270** કરોડ ની જુની નોટો જમા થઇ હતી. જેમાં ટોચની **10** જિલ્લા સહકારી બેંકોમાં સૌથી વધુ રદ થયેલી **500** અને **1000** ની નોટ જમા થઇ હતી. આ બેંકોના હોદેદારોમાં કેટલીક મોટી પાર્ટીઓના નેતાઓનો સમાવેશ થાય છે.

સરકારના આ નિર્ણયથી ધનવાન લોકોને કેટલાય વર્ષો પછી એમના મિત્રો તથા સગા-સ્નેહીઓ અતિ વ્હાલા લાગવા લાગ્યા. સ્વાર્થી દીકરાઓની મહેરબાનીથી કેટલીક માતાના બેંક ખાતાઓ ફરીથી સજીવન થઇ ગયા.

લોકોની લાંબી લાંબી કતારોને લીધે બેંકો અને તેમના એટીએમ ભરચક બની ગયા. ગરમીમાં ઉભેલા લોકોને ઓછી તકલીફ પડે તે માટે બેંકોએ ગ્રાહક પ્રત્યેની પોતાની ફરજ દાખવી, કેટલીક બેંક અને શાખાઓએ એટીએમ બહાર પાણીની વ્યવસ્થાઓ કરી, સામાજીક સંસ્થાઓએ તથા કેટલાક સેવાભાવી સંસ્થાઓએ કતારમાં ઊભેલા લોકો સુધી કોઇ પણ જાતના ભેદભાવ વગર ચા- પાણી પહોચાડવાની જવાબદારી ઊઠાવી માનવતા અને ભાઇચારાના દર્શન કરાવ્યા.

નકલી નોટો પસ્તી બની ગઇ, તો ગેરકાયદેસર ભેગુ કરેલુ નાણું બેકાર બની ગયું.

મીડિયાની ભૂમિકા પણ જોરદાર રહી. કેટલીક ન્યુઝ ચેનેલોએ વિમુદ્રીકરણના સરકારના નિર્ણયને પડખે ઊભા રહીને નોટબંધીના નિર્ણયના વધામણા લીધા તો કેટલીક ચેનેલોએ વિપક્ષોને સહકાર આપ્યો. મીડિયાની સાથે સાથે સોશ્યલ મીડિયાની એસમયની ભૂમિકાને પણ અવગણી ન શકાય.

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

જેથી રોકડેથીજ આર્થિક વ્યવહારો કરવા ટેવાયેલા પ્રજાજનો માટે પરિસ્થિતિ વિકટ બની ગઇ હતી. લોકોએ રોકડ નાણા વગર અને જરૂરિયાતોને ટુંકી કરી જીવવાનું શીખી લીધું હતું. “રોકડવિહિન” શબ્દથી લોકો પરિચિત થવા લાગ્યા હતા.

ટેકનોલોજીથી અજાણ વડીલો પૌત્ર-પૌત્રીઓ થી કેશલેશ વ્યવહારો અંગે શીખતા જોવા મળ્યા હતા. રોકડ વ્યવહારો માટેના સાધનો વસાવતા, શીખતા અને વાપરતા જોવા મળ્યા હતા.

પોતાનું કાળુંનાણું છુપાવવા માટે કેટલાક બુધ્ધીશાળી લોકોએ અવનવા ઉકેલો શોધ્યા. પોતાના ગરીબ સંબંધીઓકે મિત્રોના ખાતામાં નાણા જમા કરાવ્યા તો મજૂરોને કારીગરોને અમુક મહિનાના પગારો એડવાન્સ ચુકવ્યા. આવા તમામ રસ્તા અપનાવી લીધા અને છતાં પોતાનું કાળું ઠેકાણે પાડી ન શક્યા હોય તેવા એ કોઠળામાં નોટો ભરીને નદી-નાળામાં કે કચરાના ઢગલામાં નાખી દીધા હોય તેવા કિસ્સાઓ પણ ક્યાંક કયાંક ધ્યાનમાં આવ્યા હતા.

વિમુદ્રીકરણના લીધે લોકોએ અપનાવેલા વિવિધ રસ્તાઓના કારણે ઘણાં નવા કરદાતાઓ સરકાર અને આવકવેરા વિભાગના ધ્યાનમાં આવ્યા. નાણાકિય વર્ષ 2016-17 માં ભારતમાં 91 લાખ નવા કરદાતાઓ ઉમેરાયા.

દેશને ડિજિટલ અર્થતંત્ર તરફ લઇ જવા કરેલા બધાજ પ્રયત્ન છતાં લોકોને આજે પણ રોકડમાંજ વ્યાપાર કરવો પસંદ કરે છે. સપ્ટેમ્બર માં આપણે ત્યાં રોકડ ચલણ નું પ્રમાણ 19.48 લાખ કરોડ સુધીપહોચ્યું હતું. 31 માર્ચ 2018 ના આંકડો 18.29 લાખ કરોડ હતો. આરબીઆઇ ના આંકડા કહે છે કે હાલમાં ચલણમાં રહેલી કરન્સીનું પ્રમાણ નોટબંધી વખતની રોકડ ચલણ કરતાં વધુ છે.

માલ અને સેવા કર:

1 લી જુલાઇ 2017 ને સવારથી ‘માલ અને સેવા કર’ અમલમાં આવી ગયો છે. રાજ્યો અને કેન્દ્ર દ્વારા ઊઘરાવવામાં આવતા તમામ કરવેરા અને સેસને રદ કરીને તેને સ્થાને એક જ કરપદ્ધતિ અમલી બનાવાઇ છે. કોઇ પણ દેશમાં કરવેરાનીતિ તેના

મજબૂતસંચાલન અને સાતત્યપૂર્ણવિકાસ ને સૂચવેછે. અકબર, ચદ્રગુપ્ત જેવા શાસનકર્તા તેમની ઉત્તમ કરવ્યવસ્થાને કારણે પ્રજામાં વધુ પ્રચલિત હતા. કરવેરા એ માત્ર આવક તથા વિકાસનું

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

જ સ્ત્રોત નથી, પરંતુ કરવેરા ભરનાર માટે તે કેટલા પ્રમાણમાં સંતોષકારક છે તે પણ એટલું જ અગત્યનું છે.

## અસરો:

જી.એસ.ટી. ના અમલથી કરમાળખું સરળ અને પારદર્શક બનશે અને કેન્દ્રીય કરવેરા તથા રાજ્ય સરકારો દ્વારા લેવાતા કરવેરા અન્ય કરવેરાનું સ્થાન હવે જી.એસ.ટી. લેશે. નવી કરવ્યવસ્થા હેઠળ સું સકલિત નેટવર્કનો અમલ થશે અને  મોટી કંપનીઓ પુરવઠાની વ્યવસ્થિત સાંકળ ધરાવતા હોવાથી તે ઇનપુટ પર ચૂકવેલ કરવેરા સામે વળતર મેળવી શકશે.

રિફંડ મેળવવાની પ્રકિયા થી મોટે ભાગના વ્યાપાર સાથે સંકળાયેલ વેપારીઓ ખૂશ નથી. જો કે આ શંકા જીએસટી ના અમલ વખત થી સેવાતી હતી. આની ઘણી મોટી અસર વ્યાપાર ઉધોગ પર દેખાય રહી છે. ટેકનોલોજી અધારિત હોવાથી ઘણી વાર નેટવર્ક ના પ્રશ્નો ઉભા થાય છે. જેથી રિફંડ મેળવવાની પ્રકિયા ધારવા કરતા ઘણી મુશ્કેલી ઉભી કરી રહી છે.

જીએસટી ના અમલ પહેલા પરોક્ષ કરવેરા ના દર ગ્રાહક દ્વારા ઉચા ભરવામાં આવતાં હતા જે હવે મોટાભાગની વસ્તુ પર 18% નો કર વસુલાત થઇ રહ્યો છે. જેનાથી ગ્રાહકના કરવેરાનું ભારણ થોડુંક હળવું થયુ છે.

જીએસટીના કર દરમાં પારદર્શિતા દેખાઇ રહી છે. કરવેરાના વિવિધ કર સ્લેબમાં ગ્રાહક કઇ વસ્તુ માટે કેટલો કર ભરી રહ્યો છે તે પોતે જાણીશ શકે છે. જીએસટી ના અમલ ના કારણે ઓનલાઇન નોંધણી, ચુકવણીની જોગવાઇ હોવાથી સોફ્ટવેર એન્જિનીયરો અને નવા આઇ.ટી.ટેક્નીશયનો ની જરૂર ઉભી થઇ છે જેથી રોજગારી ની તકો વધી છે.

જીએસટી ના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વેરાની આવક વધી છે. જેના કારણે દેશમાં મૂડી રોકાણનું વાતાવરણ તૈયાર થયુ છે. અર્થતંત્ર ને સૌથી મોટો ફાયદો કરચોરીનું પ્રમાણ ઘટાડાનું રહ્યું છે. જીએસટીના અમલના કારણે ભારતનું બજાર વધારે વિશાળ બન્યું છે. લાબે ગાળે આ કર વ્યવસ્થાથી વિવિધ રાજ્યોમાં ઉધોગ ધંધાનું સરળ બની રહ્યુ છે.

કાપડ બજાર અને પ્રોસેસરોના મનમાં જીએસટી ના કચવાટોહ હજુ પણ જેમ ના તેમ જ રહ્યાં છે. એમને પડતી મુશ્કેલી દુર થવી જ રહી,વેપારીઓ જીએસટીની સમજણ અને કાનૂનીની બેવડી દ્વિધામાં ફસાયેલા  દેખાય રહ્યાં છે. લાબાગાળા સુધી આ પ્રમાણેની જો મુઝવણો રહશે તો રાહ જોઇને બેઠેલી મંદી ધીમે રહી બજારમાં પ્રવેશી જશે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

સંદર્ભ:

1. **અર્થ સંકલન, 30 એપ્રિલ 2018.**
2. **અર્થ સંકલન, 31 જાન્યુ.2018.**
3. **યોજના, નવેમ્બર. 2016.**